વિષય :- તા.૨૦/૦૧/૨૦૨૬ ના રોજ મળનાર જનરલ બોર્ડ મા સભ્ય શ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્ન નો જવાબ

સભ્યશ્રીનું નામ શ્રી મકબુલભાઈ એચ દાઉદાણી.

| પ્રશ્ન નં. | પેટા પ્રશ્ન નં (જો હોય તો દર્શાવવો) | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| પ્રશ્ન ૧૪ | ૧૪(૧) | રાજકોટ મહાનગરપાલિકાના કર્મચારી ઉપર હુમલો થવો એ સામાન્ય બાબત નથ, કોન્ટ્રકટર કર્મચારી ઉપર હાથ ચાલાકી કરે છે અને ધમકી આપે છે ત્યારે કર્મચારી અધિકારી સેઈફ નથી તો મનપામાં એ.સી. ચેમ્બરમાં બેસનારા ઉચ્ચ અધિકારીના પેટમાં પાણી કેમ હલતું નથી, આ બનાવ વોર્ડ નં. ૧૮ માં બન્યો ત્યારે એજન્સીને કેમ તંત્ર બ્લેકલીસ્ટ કરવાની કાર્યવાહી કરતી નથી, તેમજ આવી હુમલાખોર એજન્સીને કેમ છાવરે છે, કેમ કોઈ ફરિયાદી બનતું નથી, ઉચ્ચ અધિકારીઓ દ્વારા અધિકારી/કર્મચારીની સેફટી માટે શું હવે કોઈ બનાવ બનશે તો જવાબદારી કોની ? તંત્ર કેમ મૌન સેવી રહું છે ? | રાજકોટ મહાનગરપાલિકાના કર્મચારી પર હુમલો થયેલ હતો તે બાબત અત્રેથી ગંભીરતાપૂર્વક લેવામાં આવેલ છે, અને આ ઘટના બાબતે તપાસ કરવાની પ્રક્રિયા ચાલું છે,<br>જે તપાસ પૂર્ણ થયેથી યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

શાખા : બાંધકામ

શાખાધિકારીની સહી : ..........................................

FOR

શાખાધિકારીનુ નામ એમ.આર.શ્રીવાસ્તવ

હોદ્દો સિટી એન્જીનીયર (સ્પે.)

પૂર્વ ઝોન

રાજકોટ મહાનગરપાલિકા

## પ્રશ્ન નં. ૧૪ (૨)

રા.મ.ન.પા./હેલ્થ/જા.નં. ૪૪૮૨ તારીખ : ૨૬ /૦૧/૨૦૨૬

વિષય : તા.૨૦/૦૧/૨૦૨૬ ના રોજ મળનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ

સભ્યશ્રીનું નામ : કોર્પોરેટરશ્રી મકબુલભાઇ એચ. દાઉદાણી વોર્ડ નં. : ૧૫

| પ્રશ્ન નં. | પેટા પ્રશ્ન નં. | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૧૪ | ૨ | સમગ્ર રાજકોટમાં ફેલાયેલા રોગચાળા અંગે મનપાનું નિંભર તંત્ર ક્યારે હરકતમાં આવશે? શું પગલાં લેવાયા? કેટલી કામગીરી કરી? શું આરોગ્ય કેન્દ્રો પૂરતા સક્ષમ છે? સ્લમ વિસ્તારોમાં પૂરતા સક્રિય છે? | રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં હાલ કોઈ રોગચાળાની સ્થિતિ નથી. રા.મ.ન.પા. નાં આરોગ્ય વિભાગ દ્વારા પાણીજન્ય, વાહકજન્ય અને ખોરાકજન્ય રોગોને નિયંત્રિત કરવા માટે સતત પ્રયત્નશીલ હોય છે. છેલ્લા એક વર્ષમાં રોગ નિયંત્રણ અંતર્ગત લીધેલ પગલાની વિગત આ સાથે પત્રક – ૧ થી સામેલ છે.<br>શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને અર્બન હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર દ્વારા પ્રિવેન્ટીવ, પ્રમોટીવ, ક્યોરેટીવ અને રીહેબીલીટેટીવ સેવાઓ સ્લમ અને નોન-સ્લમ વિસ્તારોમાં સક્રિય રીતે આપવામાં આવે છે. |

શાખા : આરોગ્ય શાખા

શાખાધિકારીની સહી : (સહી)

શાખાધિકારીનું નામ : ડો. જયેશકુમાર એલ. વકાણી
હોદ્દો : મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ

## પ્રશ્ન નં. ૧૪ (૨)

## પત્રક-૦૧

### છેલ્લા એક વર્ષ (૧ જાન્યુઆરી થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૫) દરમ્યાન વાહક જન્યરોગ નિયંત્રણ અર્થે કરેલ કામગીરીની વિગત

**પોરાનાશક કામગીરી (કેમિકલ કંટ્રોલ) :-**

રાજકોટ શહેરના ૧૮ વોર્ડમાં ફિલ્ડવર્કર, અર્બન આશા, MPHW, વેક્ટર કંટ્રોલ ટીમ દ્વારા સંવેદનશીલ વિસ્તારમાં ઘરોની મુલાકાત લઈ ઘર તથા ઘરની બહાર રહેલા પાણી ભરેલા તમામ પાત્રો જેવા કે ટાંકા, ફ્રીજની ટ્રે, ફુલદાની, એરકુલર, પક્ષીકુંજ, હવાડા વગેરે કે જેમાં મચ્છર ઉત્પતિ થઇ શકે છે તે તપાસવામાં આવેલ છે, તથા જે પાત્રોમાં પોરા જોવા મળે તે પાત્રોમાં ટેમીફોસ દવા નાખવામાં આવે છે. વર્ષ ૨૦૨૫ દરમ્યાન કૂલ 20,91,447 (એક મહિનામાં એક ઘરની બે થી ચાર મુલાકાત મુજબની ઉતરોતર સંખ્યા) ઘરોની મુલાકાત લેવામાં આવેલ છે.

**બાયોલોજીકલ કંટ્રોલ**

મોટા પાણીના પાત્રો જેવા કે હોજ, કુવારા, હવાડા વગેરેમાં પોરાભક્ષક ગપ્પી માછલી મુકવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૫ દરમ્યાન કૂલ 13,964 પાત્રો / સ્થળોએ પોરાભક્ષક માછલી મુકવામાં આવે છે.

**પેરાડોમેસ્ટીક પોરાનાશક કામગીરી (ખાડામાં દવા છંટકાવની કામગીરી)**

પાણી ભરેલા ખાડા – ખાબોચીયા નદીના સાઇડ પોકેટ, વોકળા, વગેરેમાં બંધિયાર પાણીમાં મચ્છર ઉત્પતિ અટકાવવા લાર્વીસાઇડ અથવા મોસ્કયુટો લાર્વીસીડલ ઓઇલના છંટકાવની કામગીરી કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૫ દરમ્યાન કૂલ 21,951 ખાડા / ખાબોચીયા (આ ખાડા / ખાબોચીયામાં દર પંદર દિવસે દવા નાખવામાં આવે છે. એક મહિનામાં એક ખાડામાં બે થી વધુ વખત દવા છંટકાવ મુજબની ઉતરોતર સંખ્યા) ને આ કામગીરી હેઠળ આવરી લીધેલ છે.

**રહેણાંક ઉપરાંતની પ્રિમાઇસીસમાં મુલાકાત અને વાહક નિયંત્રણની કામગીરી**

મચ્છર ઉત્પતિ અટકાવવા રહેણાંક ઉપરાંત જુદી – જુદી પ્રિમાઇસીસની મુલાકાત લઇ વાહક નિયંત્રણની કામગીરી કરવામાં આવે છે. જેમાં હોસ્પીટલ / કલીનીક - ૧૯૩૦, હોસ્ટેલ - ૫૫૦, બાંધકામ સાઈટ – ૨૭૭૦, સરકારી કચેરી – ૧૧૨૫, ધાર્મિક સ્થળ - ૧૨૨૧, હોટલ – ૨૦૧૫, કોમ્લેક્ષ / એપાર્ટમેન્ટ – ૧૫૦૯, સેલર - ૧૫૩૫, શાળા - ૨૬૨૮, ઇન્ડસ્ટ્રીઝ – ૪૯૮૧, અન્ય સંસ્થા – ૪૭૦ સહિતની ૩૩૧૯૮ કોર્મશીયલ પ્રિમાઇસીસ વગેરેનો વાહક નિયંત્રણ સંદર્ભે એક કરતા વધુ વખત મુલાકાત કરી, તેઓની પ્રિમાઈસીસમાં લેવાના થતા પગલાં વિશે સુચનો સહિત પત્ર દ્વારા જાણ કરવામાં આવેલ છે તથા તેમાં પોરાનાશક કામગીરી કરવામાં આવેલ છે.

**પુખ્ત મચ્છર નાશક કામગીરી (ફોગીંગ કામગીરી)**

પોઝિટિવ કેસ વિસ્તારમાં ચેપી મચ્છરના નાશ માટે ઘરની અંદર ફોગીંગની કામગીરી કરવામાં આવે છે. જે અંતર્ગત પોઝિટિવ કેસ વિસ્તાર, મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તાર તથા ફરિયાદમાં ફોગીંગ કરાવવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૫ દરમ્યાન ૪૭૨૮૫ ઘરોને ફોગીંગ કામગીરી હેઠળ આવરી લીધેલ છે.

વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીનથી ફોગીંગ કામગીરી

ફોગીંગ કામગીરી હેઠળ વધુમાં વધુ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી શકાય તે હેતુસર વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન દ્વારા શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં તથા મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવેલ છે.

બાયલોઝ અંતર્ગત કામગીરી

રહેણાંક તથા કોર્મશીયલ પ્રિમાઇસીસમાં મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરી મચ્છર ઉત્પતિ જોવા મળે તો નોટીસ આપી, વહિવટી ચાર્જ વસુલાતની કાર્યવાહી કરવામાં આવે છે. આ કામગીરી હેઠળ વર્ષ ૨૦૨૫ દરમ્યાન ૨૦૨૮૧ આસામીને નોટીસ તથા ૭૮૯ આસામી પાસેથી રૂ.૪,૮૦,૧૦૦/- નો વહિવટી ચાર્જ વસુલાતની કાર્યવાહી કરવામાં આવે છે.

ફરિયાદ નિકાલની કામગીરી

કોલસેન્ટર તથા અન્ય માધ્યમ મારફતે નોંધાયેલ ફરિયાદમાં ફરીયાદ અનુસારની કામગીરી કરી ફરીયાદ નિકાલ કરવામાં આવેલ છે. આ કામગીરી હેઠળ વર્ષ ૨૦૨૫ દરમ્યાન ૧૮૯૩ ફરીયાદોનો નિકાલ કરવામાં આવેલ છે.

આજીનદીમાં ગાંડીવેલ કાઢવાની કામગીરી

મેલેરિયા વિભાગના સ્ટાફ દ્વારા કયુલેક્ષ મચ્છરની ઘનતા ઘટાડવા માટે આજીનદી વિસ્તારમાંથી ગાંડીવેલ કાઢવામાં આવેલ છે. ગાંડીવેલ કાઢી લીધા બાદ આ વિસ્તારોમાં મચ્છર ના પોરાના નાશ માટે દવાનો છંટકાવની કામગીરી કરવામાં આવેલ છે.

આરોગ્ય શિક્ષણ

ડેન્ગ્યુ, ચિકુનગુનિયા જેવા રોગ, ઘર તથા ઘરની આસપાસ પાણી સંગ્રહિત કરેલ પાત્રો જેવા કે ટાંકા, ટાંકી, બેરલ, કેરબા તથા પાણીજમા રહેતુ હોય તેવી ફુલદાની, પક્ષીકુંજ, ભંગાર, ટાયર વગેરેમાં ઉત્પન્ન થાય છે. આથી ડેન્ગ્યુ, ચિકુનગુનિયા ફેલાવતા મચ્છરોની ઉત્પતિ અટકાવવા જનસમુદાયનો સહયોગ પણ અતિ આવશ્યક છે. આથી જનસમુદાયમાં મચ્છરજન્ય રોગો તથા તેના અટકાયતીના પગલાં વિશે સમજ મળી રહે તે હેતુસર જુદા જુદા માધ્યમોથી આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ.

- પોસ્ટર્સ

  સ્કુલ, કોલેજ, મંદિર, આરોગ્ય કેન્દ્ર વગેરે જાહેર સ્થળો પર પોસ્ટર્સના માધ્યમથી જાહેર જનતાને મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકુનગુનીયા વિશે માહિતગાર કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

- બેનર

  સ્કુલ, કોલેજ, મંદિર, આરોગ્ય કેન્દ્ર વગેરે જાહેર સ્થળો પર બેનરના માધ્યમથી જાહેર જનતાને મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકુનગુનીયા વિશે માહિતગાર કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

- **LED સ્કીન પર જાહેરાત :-**

  રાજકોટ શહેરના જાહેર માર્ગો । Way Project અંતર્ગત ૨૧ LED સ્કીન પર ડેન્ગ્યુ, મેલેરિયા રોગ અટકાયતી માટે જાહેરાત આપી લોકોને મચ્છર ઉત્પતિ અટકાવવા લેવાના થતા પગલા વિશે આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ છે.

- પત્રિકા વિતરણ

  ઘરે – ઘરે સાદી તથા કલર પત્રિકા વિતરણના માધ્યમથી આરોગ્ય શિક્ષણ આપવાની કામગીરી કરવામાં આવેલ છે.

- Whatsapp અને Facebook વગેરે જેવા સોશિયલ મીડીયાના માધ્યમથી જનજાગૃતિ કરવાની કામગીરી કરવામાં આવેલ છે.
- ૨૫ એપ્રિલ, ''વિશ્વ મેલેરિયા દિવસ'', ૧૬ મે, ''રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ'', જુન માસ, ''મેલેરિયા વિરોધી માસ'' અને જુલાઇ માસ, "ડેન્ગ્યુ વિરોધી માસ" વગેરેની ઉજવણી કરી લોકજાગૃતિ ફેલાવવાની કામગીરી કરવામાં આવેલ છે.

## પાણીજન્ય રોગચાળા અન્વયે છેલ્લા એક વર્ષમાં કરવામાં આવેલ કામગીરી

- પાણીજન્ય રોગચાળા અટકાયતી પગલાના ભાગરૂપે રેસીડ્યુઅલ કલોરીનેશન ટેસ્ટીંગ ડ્રાઈવનું આયોજન કરવામાં આવેલ જે અન્વયે રાજકોટ શહેરના તમામ વોર્ડ RC ટેસ્ટની કામગીરી કરવામાં આવેલ. આ કામગીરી દરમ્યાન કુલ ૧૬૮૮ પાણીના સેમ્પલ લઈ ટેસ્ટીંગની કાગીરી કરવામાં આવેલ છે.
- જે વિસ્તારમાં પાણીજન્ય રોગચાળાના કેસો નોંધાયેલ છે તે તમામ કેસોની આસપાસના ઘરોમાં સઘન સર્વેલન્સ કરવામાં આવેલ છે જે અન્વયે કુલ ૨૩૭૧૮ ઘરો તેમજ ૯૪૭૨૧ જેટલી વસ્તી આવરી લેવામાં આવેલ છે.
- સર્વેની કામગીરી દરમ્યાન કુલ ૯૮૭ જેટલા આર.સી. ટેસ્ટ કરવામાં આવેલ છે તેમજ ૬૦૭૪૧ ક્લોરીન ટેબ્લેટ અને ૨૯૨૧ જેટલા ઓ.આર.એસ. પેકેટનું વિતરણ કરવામાં આવેલ છે.
- આ ઉપરાંત દર અઠવાડિયે જાહેર જનજાગૃતિ માટે પાણીજન્ય રોગચાળાથી બચવા અંગેના આરોગ્યલક્ષી સુચનો પ્રેસનોટના માધ્યમથી મોકલવામાં આવેલ છે.
- તમામ વોર્ડમાં સ્વચ્છતા જળવાઈ રહે તેમજ કોઈ જગ્યાએ પાણીની લિકેજવાળી પાઈપલાઈનો હોય તો સત્વરે રીપેર કરાવવા તેમજ યોગ્ય માત્રામાં ક્લોરીનેશનવાળું પાણી મળી રહે તે માટે વોટર વર્કસ ડીપાર્ટમેન્ટ અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ સાથે સંકલન કરી કામગીરી કરવામાં આવેલ છે.
- આ ઉપરાંત મોનસુન એક્ટીવીટીના ભાગરૂપે સર્વેલન્સની કામગીરી તમામ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા કરવામાં આવે છે જેમાં બે રાઉન્ડમા કુલ ૩૪,૩૭,૭૧૨ જેટલી વસ્તી આવરી લેવામાં આવેલ છે તેમજ આ કામગીરી આગામી સમયમાં ચાલુ રાખવા માટે જણાવવામાં આવેલ છે.
- આ સર્વેની કામગીરી દરમ્યાન કુલ ૧,૨૩,૭૮૫ જેટલી ક્લોરીન ટેબ્લેટ તેમજ ૯,૭૮૭ જેટલા ઓ.આર.એસ. પેકેટનું વિતરણ કરવામાં આવેલ છે.
- સર્વેની કામગીરી દરમ્યાન આરોગ્ય વિભાગના સ્ટાફ દ્વારા કુલ ૮૫૫૭ જેટલા આર.સી. ટેસ્ટ કરવામાં આવેલ છે.

તારીખ : ૧૩/૦૧/૨૦૨૬

**વિષય : તા. તા ૨૦-૦૧-૨૦૨૬ ના જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ**

**સભ્યશ્રીનું નામ : શ્રી મકબુલ એચ. દાઉદાણી**

| પ્રશ્ન ક્રમ | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|
| ૧૪(3) | શહેરમાં ટ્રાફીક સમસ્યા અતિષય બદતર હાલતમાં છે ત્યારે સ્થીતી સુધારવાની બદલે ઉલ્ટાની બગડી રહી છે, સિગ્નલનું આયોજન ટ્રાફીક ઘટાડવા માટે કરાયું છે કે વધારવા માટે એ સમજાતું નથી. | રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રાજકોટ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલ મુખ્ય તથા અતિ વ્યસ્ત એવા કુલ 30 સ્થળોએ આધુનિક ટ્રાફિક સિગ્નલ સિસ્ટમ ઇન્સ્ટોલ કરવામાં આવેલ છે. શહેરમાં સતત વધતા જતા વાહનવ્યવહાર, જાહેર પરિવહન તથા ખાનગી વાહનોની સંખ્યાને ધ્યાનમાં રાખીને ટ્રાફિકનું સુચારુ, સલામત અને સમયબદ્ધ નિયમન થાય તે હેતુસર આ ટ્રાફિક સિગ્નલો સ્થાપિત કરવામાં આવ્યા છે. મુખ્ય ચાર રસ્તાઓ પર થતી ટ્રાફિકની અનિયંત્રિત સ્થિતિ, ભીડ અને અવ્યવસ્થાને ઘટાડવા તેમજ ટ્રાફિક નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા માટે આ સિગ્નલો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ ઉપરાંત, વાહનચાલકો તથા પગપાળા મુસાફરોની સુરક્ષા વધે, માર્ગ અકસ્માતોની શક્યતા ઘટે અને શહેરના સમગ્ર ટ્રાફિક વ્યવસ્થાપનમાં સુધારો થાય તે દિશામાં આ વ્યવસ્થા અમલમાં મુકવામાં આવેલ છે.આ ઉપરાંત જણાવવાનું કે ટ્રાફિક પોલીસ ટીમ દ્વારા સૂચવવામાં આવેલા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા કુલ 8 નવા સ્થળોએ આધુનિક ટ્રાફિક સિગ્નલ સિસ્ટમ સ્થાપિત કરવાની પ્રક્રિયા રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શરૂ કરવામાં આવી છે અને આ કામગીરી આગામી અંદાજિત 5 થી 6 મહિનાની અંદર પૂર્ણ કરવામાં આવશે. |

શાખા: આઈ.ટી શાખા

શાખાધિકારીની સહી: ____________